# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-09-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM ADDRESS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે પાંચ વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કરશે. પ્રધાનમંત્રી કચેરીના સત્તાવાર સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગેની માહિતી આપવામાં આવી.**

. . . . . . . . . . .

# CM IN AMRELI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વેપારી અને ગ્રાહકોને સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવવા પર ભાર આપ્યો. અમરેલી જિલ્લાની તમામ મુખ્ય સહકારી સંસ્થાઓની સંયુક્ત વાર્ષિક સાધારણ સભા અને "સહકારથી સમૃદ્ધિ" કાર્યક્રમને સંબોધતા આજે શ્રી પટેલે કહ્યું, રાજ્યની સહકારી સંસ્થાઓએ સમગ્ર દેશમાં ઉદાહરણરૂપ કામ કર્યું છે. અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સહકારી ક્ષેત્રના વિકાસથી ખેડૂત, ખેતી, મહિલાઓ અને ગામડાઓ સક્ષમ બન્યા છે જેનું ઉદાહરણ આજના સમારોહમાં જોવા મળી રહ્યું છે.

ખેડૂતોને કોઈ મુશ્કેલી ન થાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હોવાનું શ્રી પટેલ ઉમેર્યું.

**(BYTE: BHUPENDRA PATEL, CM)**

. . . . . . . . . . .

# KACHCHH BHUKAMP

કચ્છમાં આજે બે વખત ભૂકંપના આંચકાઓ અનુભવાયા છે. પહેલો ભૂકંપ સવારે છ વાગ્યેને 41 મિનિટે આવ્યો હતો. રૅક્ટર સ્કેલ પર 2.6ની તીવ્રતાના આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ ધોળાવીરાથી 24 કિલોમીટર દૂર નોંધાયું હતું. જ્યારે બપોરે 12 વાગ્યેને 41 મિનિટે પણ ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. રૅક્ટર સ્કેલ પર 3.1ની તીવ્રતાના આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ ભચાઉથી 12 કિલોમીટર દૂર નોંધાયું હોવાનું ગાંધીનગરના ભૂકંપવિજ્ઞાન સંશોધન કેન્દ્ર દ્વારા જણાવાયું છે.

. . . . . . . . . . .

# CHALO JEETE HAI MOVIE REVIEW

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી એક સપ્તાહ સુધી "ચલો જીતે હૈ" ફિલ્મ રાજ્યના દરેક સિનેમાગૃહમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે. દર્શકો આ ફિલ્મથી પ્રેરણા લઈ તેની પ્રશંસા કરી રહ્યા છે. અમદાવાદમાં ફિલ્મ જોનારાં દર્શક અરુણ વ્યાસે આ અંગે પ્રતિભાવ આપ્યો.**

**(BYTE: ARUN VYAS)**

. . . . . . . . . . .

# DISTRICT NAMO RUN MARATHON

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે દેશમાં એકસાથે 75 સ્થળે નમો યુવા રન મેરેથોન યોજાઇ. આજે અમદાવાદના વસ્ત્રાપુર તળાવ ખાતે યોજાયેલી આ મૅરેથોનને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું.

સુરતમાં પણ નશામુક્ત ભારત અભિયાન હેઠળ યોજાયેલી મૅરેથૉનમાં 10 હજાર જેટલા યુવાનો જોડાયા.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નશામુક્ત ભારત અભિયાન હેઠળ પાંચ કિલોમીટર સુધી યોજાયેલી મેરોથોનમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા. દરમિયાન વિજેતાઓને પુરસ્કારથી સન્માનિત કરાયા.

. . . . . . . . . . .

# GST REFORMS FOR NOON

**વસ્તુ અને સેવા કર – GST પરિષદે કર માળખામાં ઘટાડાના નિર્ણયને રાજ્યભરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. સરકારે દૂધ અને ચીઝ પર GST દર શૂન્ય કર્યો છે. જ્યારે માખણ અને ઘી પર જીએસટી દર ઘટાડીને પાંચ ટકા કર્યો છે. સમગ્ર દેશમાં આવતીકાલથી લાગૂ થનારા GST ઘટાડા અંગે અમદાવાદના ગ્રાહકોએ આવકારતા પ્રતિક્રિયા આપી.**

**(બાઈટઃ ગ્રાહકો)**

. . . . . . . . . . .

# BHAVNAGAR NAVRATRI

ભાવનગરમાં ગોહિલવાડના પ્રસિદ્ધ શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરમાં આવતીકાલથી આસો નવરાત્રિ મહોત્સવની ઉજવણી થશે. પ્રથમ નોરતે આવતીકાલે સવારે સાડા નવ વાગ્યે માતાજીની ગરબી નીજ મંદિરેથી વાજતેગાજતે માણેકચોકમાં પધરાવાશે. જ્યારે રાત્રે સાત વાગ્યેને 50 મિનિટે સાયં આરતી કરાશે. નવરાત્રિ મહોત્સવ દરમિયાન દરરોજ રાત્રે પ્રાચીન અને ઐતિહાસિક નાટકની પણ પ્રસ્તુતિ કરાશે.

. . . . . . . . . . .

# RAIN DISTRICTS

રાજ્યમાં આજે કેટલાક જિલ્લામાં સામાન્ય વરસાદ નોંધાયો. બપોરે 2 વાગ્યા સુધી 36 તાલુકામાં વરસાદના અહેવાલ છે. સૌથી વધુ દોઢ ઇંચ જેટલો વરસાદ ભરૂચના હાંસોટ તાલુકામાં થયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 110 ટકા જેટલો વરસાદ થઈ ગયો છે.

સત્તાવાર યાદી મુજબ, રાજ્યના 116 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. ભાવનગર જિલ્લાનો શેત્રુંજી બંધ પણ વરસાદી પાણીને લઈ વધુ એક વાર છલકાયો છે.

છોટાઉદેપુરના બોડેલી પંથકમાં ગત મોડી રાતથી ગાજવીજ સાથે વરસાદ થયો. બોડેલી નગરના અલિપુરા, ઢોકલિયા સહિત વિવિધ વિસ્તારમાં ભારે વરસાદ થતાં અનેક જગ્યાએ પાણી ભરાઈ ગયા છે.

. . . . . . . . . . .

# CRICKET ASIA CUP

એશિયા કપ ટી-20 ક્રિકેટના સુપર ચાર મુકાબલામાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મૅચ રમાશે. ભારતીય સમય મુજબ દુબઈમાં આ મૅચ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. બંને દેશ વચ્ચે અત્યાર સુધી રમાયેલી 14 મૅચમાંથી ભારતે 11 મૅચ જીતી છે. આ પહેલા ગ્રૂપ તબક્કામાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું.

. . . . . . . . . . .

# SWASTH NARI SASHAKT PARIVAR

સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન હેઠળ રાજ્યભરમાં અત્યાર સુધી 38 હજાર 391 શિબિર યોજાઈ. તેમાં પાંચ લાખ 58 હજાર 668 લોકોની કૅન્સરની તપાસ, જ્યારે 30 હજાર 231 જેટલા ઍક્સ-રે રિપોર્ટ કરાયા. 17 સપ્ટેમ્બરથી શરૂ થયેલા અભિયાનનો અત્યાર સુધી 19 લાખ 44 હજાર 93 જેટલા લાભાર્થીએ લાભ લીધો છે.

. . . . . . . . . . .